પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૭ | ૮ એપ્રિલ, ૨૦૧૯, સોમવાર; ચૈત્ર સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## ન્યુઝ ટ્રેક

### દિલ્હી એરપોર્ટ પરથી નકલી પાસપોર્ટ જપ્ત

દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જેમની પાસેથી ૬૨ પાસપોર્ટ અને ૨૮ નકલી સ્ટેમ્પ મળી આવ્યા છે.

### નિઠારી કાંડના ૧૧મા કેસમાં ફાંસીની સજા

નોઈડાના નિઠારી કાંડથી જોડાયેલા ૧૧મા કેસના સીબીઆીની વિશેષ કોર્ટે સુરેન્દ્ર કોલીને ફાંસીની સજા સંભળાવી છે. આ સાથે જ કોર્ટે તેના પર એક લાખ દસ હજારનો દંડ પણ ફટકાર્યો છે. જોકે તેના સાથી મોનિન્દરસિંહ પંધેરને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુક્યો છે.

### યુરોપિયન યુનિયન’ લખાણ વગર પાસપોર્ટ આપવાની યુકેએ શરૂઆત કરી

બ્રેક્ઝિટમાં વિલંબ અને યુકે ક્યારે તેમાંથી બહાર નીકળશે એ અંગે પ્રવર્તી રહેલી અનિશ્ચિતતા છતાં બ્રિટને કવર પરથી ‘યુરોપિયન યુનિયન’નું લખાણ હટાવી દઈ પાસપોર્ટ આપવાનું શરૂ કરી દીધું છે. વર્ષ ૨૦૧૭માં લેવામાં આવેલા નિર્ણયને પગલે મૂળમાં બ્રિટન વર્ષ ૨૦૧૯ની ૨૯ માર્ચે યુરોપિયન યુનિયનમાંથી બહાર નીકળી જવાનું હતું તેના એક દિવસ બાદ એટલે કે ૩૦ માર્ચે આપવામાં આવેલા અમુક પાસપોર્ટમાં ‘યુરોપિયન યુનિયન’નો ઉલ્લેખ કરવામાં નથી આવ્યો, એમ આંતરિક બાબતોના ખાતાએ એક નિવેદનમાં કહ્યું હતું.

# પાકિસ્તાનને ભીષણ હવાઈ હુમલાનો ભય

**ભારત ફરીથી ટૂંકમાં ભીષણ હુમલાઓ કરી શકે : હવાઈ હુમલાના ભય વચ્ચે પાકિસ્તાનમાં વ્યાપક દહેશત : ૧૬-૨૦મી એપ્રિલ વચ્ચે ભારત હુમલા કરી શકે : કયા આધાર પર હુમલાના સમય અંગે માહિતી આપી છે તે સંદર્ભે કોઇ વિગત આપવા કુરેશીનો ઇન્કાર**



કરાંચી, તા. ૭

પાકિસ્તાને વિશ્વાસપાત્ર ઈન્ટેલીજન્સ સુત્રોને ટાંકીને કહ્યું છે કે, ભારત આ મહિનામાં ફરી એકવાર હુમલા કરશે. પાકિસ્તાનના વિદેશમંત્રી શાહ મહેમુદ કુરેશીના આ નિવેદનથી ખળભળાટ મચી ગયો છે. બંને પરમાણું સક્ષમ દેશો વચ્ચે હાલમાં વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. ૧૪મી ફેબ્રુઆરીના દિવસે પુલવામામાં સીઆરપીએફના કાફલાને ટાર્ગેટ બનાવીને પાકિસ્તાન સ્થિત ત્રાસવાદી દ્વારા કરવામાં આવેલા આત્મઘાતી હુમલામાં ૪૦ સીઆરપીએફ જવાનોના મોત થયા હતા. ત્યારબાદ ધારણાપ્રમાણે જ ૨૭મી ફેબ્રુઆરીના દિવસે ભારતે પાકિસ્તાનમાં બાલાકોટમાં આતંકવાદી ટ્રેનિંગ કેમ્પ ઉપર હવાઈ હુમલા કર્યા હતા જેમાં મોટી સંખ્યામાં આતંકવાદીઓ માર્યા ગયા હતા. આગલા દિવસે પાકિસ્તાને એક ફાઈટર જેટને તોડી પાડ્યું હતું. તેના પાયલોટને કસ્ટડીમાં લઈ લીધા બાદ ભારતના તીવ્ર દબાણ બાદ તેમને છોડી મુકવાની ફરજ પડી હતી. તેમના વતન મુલ્તાનમાં પત્રકારો સાથે વાતચીત કરતા કુરેશીએ કહ્યું હતું કે, અમારી પાસે એવી

● અનુસંધાન પાન-૭ પર

# કમલનાથના નિકટવર્તીઓને ત્યાં આવકવેરાના દરોડા

**૩૦૦થી વધુ અધિકારીઓ દ્વારા કાર્યવાહી : દિલ્હી, ઇન્દોર, ભોપાલ તેમજ ગોવા સહિત ૫૦થી વધારે જગ્યાઓ ઉપર એક સાથે દરોડા : કરોડોની રોકડ કબજે**

નવી દિલ્હી-ભોપાલ, તા. ૭

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથના ભત્રીજા રાતુલ પુરી, અંગત સચિવ અને પૂર્વ પોલીસ અધિકારી પ્રવિણ કક્કર, સલાહકાર રહી ચુકેલા રાજેન્દ્રકુમાર અને ભાપોલના પ્રતિક જોશી તેમજ અશ્વિન શર્માના આવાસ ઉપર આવકવેરા વિભાગે આજે વહેલી પરોઢે વ્યાપક દરોડા પાડતા ખળભળાટ મચી ગયો હતો. દિલ્હીમાંથી આવેલા ૧૫થી વધારે આવકવેરા અધિકારીઓએ કક્કડના ઈન્દોર સ્થિત આવાસમાં તપાસ કરી હતી. ભોપાલમાં કમલનાથના કેટલાક નજીકના લોકોના આવાસ પર દરોડા પાડવામાં આવ્યા હતા. કોંગ્રેસ પ્રવક્તા શોભા ઓઝા અને નરેન્દ્ર સલુજાને ત્યાં પણ આવકવેરા વિભાગની ટીમ પહોંચી હતી. આ દરોડા હવાલા મારફતે નાણાંની લેવડદેવડના સંદર્ભમાં પાડવામાં આવ્યા હતા. દિલ્હી, ભોપાલ, ઈન્દોર અને ગોવા સહિત ૫૦થી વધુ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડાની કાર્યવાહીમાં હજુ સુધી નવ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવી ચુક્યા છે. કાર્યવાહીમાં કલમનાથના ભત્રીજા રાતુલ પુરી, અમીરા અને મોજરબિયર કંપની પણ સામેલ છે. આવકવેરા વિભાગની ટીમે ઈન્દોરમાં મુખ્યમંત્રી કમલનાથના ઓએસડી પ્રવિણ કક્કડના આવાસ પર દરોડા પાડ્યા હતા. વહેલી પરોઢે ત્રણ વાગે દિલ્હીથી આવેલા ૧૫થી વધુ અધિકારીઓની ટીમે સ્કીમ નંબર ૭૪ સ્થિત આવાસ ઉપર દરોડા પાડ્યા હતા. આ ઉપરાંત વિજયનગર સ્થિત શો રુમ, બીએમસી હાઈટ્સ સ્થિત ઓફિસ, શાલીમાર ટાઉનશીપ, જલસા ગાર્ડન, ભોપાલ સ્થિત આવાસ શ્યામલા હિલ, પ્લેટિનમ પ્લાઝા સહિત અન્ય સ્થળો ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. સર્વિસ દરમિયાન અનેક પ્રકારની તપાસ ચાલી રહી હતી. દરોડા દરમિયાન ઘરમાંથી નવ કરોડ રૂપિયાની રોકડ રકમ કબજે કરવામાં આવી ચુકી છે. કલમનાથના ખુબ નજીકના લોકો હોવાનું જાણવા મળી રહ્યું છે. દરોડાની કાર્યવાહીથી કોંગ્રેસ સરકાર પણ હચમચી ઉઠી છે. દરોડાની કાર્યવાહી મધ્યપ્રદેશમાં

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસનું નવું ચૂંટણી પ્રચાર અભિયાન ‘અબ હોગા ન્યાય’

**કોંગ્રેસ અબ હોગા ન્યાયના સહારે લોકસભા ચૂંટણીમાં ઝંપલાવશે, લોન્ચ કર્યું પોસ્ટર : અમારુ અભિયાન ન્યાય આધારીત, દેશનો યુવાન નોકરી માટે, ખેડૂતો યોગ્ય ભાવ માટે, મહિલાઓ સુરક્ષા માટે ન્યાય માંગી રહી છે : કોંગ્રેસ**




ન્યુ દિલ્હી,તા.૭

લોકસભાની ચૂંટણી માટે પહેલા તબક્કાનુ મતદાન ૧૧ એપ્રિલે થવાનુ છે.તે પહેલા જોર શોરથી ચૂંટણી પ્રચાર ચાલી રહ્યો છે. લોકસભાની વર્તમાન ચૂંટણી માટે કોંગ્રેસે પ્રચાર કરવા માટેનો પોતાનો મુખ્ય નારો નક્કી કરી લીધો છે.કોંગ્રેસે " અબ હોગા ન્યાય" નો નારો નક્કી કર્યો છે.જેના સહારે લોકસભા ચૂંટણી લડવામાં આવશે.

કોંગ્રેસના આ નારામાં ન્યાયનો અર્થ ગરીબો માટે પ્રતિ વર્ષ ૭૨૦૦૦ રુપિયા આપવાની ન્યાય યોજનાના સંદર્ભમાં છે.કોંગ્રેસે આટલી રકમ ગરીબોને આપવાનો વાયદો કર્યો છે. કોંગ્રેસ પ્રચાર સમિતિના અધ્યક્ષ આનંદ શર્માએ કહ્યુ હતુ કે, અમારુ અભિયાન ન્યાય આધારીત છે.દેશનો યુવાન નોકરી માટે, ખેડૂતો યોગ્ય ભાવ માટે, મહિલાઓ સુરક્ષા માટે ન્યાય માંગી રહી છે.

રાહુલ ગાંધીએ પોતે ગરીબોને દર વર્ષે ૭૨૦૦૦ રુપિયા આપવાની ન્યાય યોજના લોન્ચ કરી હતી.પ્રિયંકા ગાંધીએ આ એલાનને ગરીબી પરનો સૌથી મોટો પ્રહાર ગણાવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ઘોષણાપત્રની પ્રથમ થીમ કામ કરનાર સરકાર હશે

**મોટા નિર્ણય લેનાર સરકાર પણ એક થીમ રહેશે : ચૂંટણીમાં ભાજપ નારો ફીર એકબાર મોદી સરકાર રહેશે**



નવીદિલ્હી, તા. ૭

ભારતીય જનતા પાર્ટીએ સંકલ્પપત્ર તૈયાર કરી લીધા બાદ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. નાણામંત્રી અરુણ જેટલીએ આજે આ મુજબની માહિતી આપતા કહ્યું હતું કે, ભાજપે જે કામ કર્યું છે તેનો ઉલ્લેખ થીમ સોંગમાં કરવામાં આવ્યો છે. અમારા ઘોષણાપત્રમાં ઘણી બાબતોનો ઉલ્લેખ રહેશે. જેટલીએ કહ્યું હતું કે, ઘોષણાપત્રની પ્રથમ થીમ કામ કરનાર સરકાર રહેશે જ્યારે બીજી થીમ ઈમાનદાર સરકાર અને ત્રીજી થીમ મોટા નિર્ણય લેવા વાળી સરકાર રાખવામાં આવશે. જેટલીએ ઉમેર્યું હતું કે, અમારી સરકારની મોટી સફળતા મધ્યમ વર્ગ માટે રહેલી છે. પાંચ વર્ષના ગાળામાં એક પણ વખત ટેક્સ લાગૂ કરવામાં આવ્યા નથી પરંતુ એક પાર્ટીના લોકો કહે છે કે, અમે જે લોકોની પાસે કેટલાક ખાસ પ્રકારની સંપત્તિ છે તેમના પર બે ટકાના ટેક્સ લાગૂ કર્યા છે. આ લોકસભા ચૂંટણીમાં ભાજપનો નારો ફીર એકબાર મોદી સરકારનો રહેશે. અરુણ જેટલીના કહેવા મુજબ મોંઘવારી જે હંમેશા ૧૦ ટકાની આસપાસ રહેતી હતી તેને ૨-૩ ટકા વચ્ચે કાબૂ કરવામાં સફળતા મળી છે. કોંગ્રેસ પાર્ટીએ હજુ સુધી તેના વચનો કદી પણ પાળ્યા નથી. અમારા ઘોષણાપત્રની પ્રથમ થીમ જ કામ કરનાર સરકાર રાખવામાં આવશે. બીજી બાજુ અરુણ જેટલી દ્વારા આજે ઘોષણાપત્રના સંદર્ભમાં કોઈ વધારે વાત કરવામાં આવી ન હતી. કોંગ્રેસની યોજનાઓ સામે ભારતીય જનતા પાર્ટી કયા પ્રકારના જવાબો આપે છે તેના ઉપર તમામની નજર રહેશે. અરુણ જેટલીના કહેવા મુજબ લોકલક્ષી સરકાર પહેલાથી જ ચાલી રહી છે ત્યારે તમામ કામોને ઝડપથી આગળ વધારવા ઉપર ભાર મુકાશે.

## ભાજપ સંકલ્પપત્રમાં ખેડૂત, યુવા અને મહિલાઓ અગ્રસ્થાને હશે

**ભાજપનો સંકલ્પપત્ર આજે વિધિવતરીતે જારી કરવામાં આવશે : હવે ખેડૂતો માટે માસિક પેન્શન યોજના, રોજગારી સહિતના વિષયના સંદર્ભમાં સૌથી વધારે સૂચનો : શહીદ જવાનોની વિધવાઓને સરકારી નોકરીનું વચન**

નવીદિલ્હી, તા. ૭

ભારતીય જનતા પાર્ટી લોકસભા ચૂંટણી માટે આવતીકાલે સોમવારના દિવસે સંકલ્પપત્ર જારી કરનાર છે. ભાજપ પોતાના સંકલ્પપત્રમાં રાષ્ટ્રીય સુરક્ષા, ખેડૂત કલ્યાણ, યુવા અને મહિલા સશક્તિકરણ ઉપર ખાસ ભાર મુકશે. ખેડૂતોના કલ્યાણના સંદર્ભમાં ભાજપને મોટી સંખ્યામાં લોકોના અભિપ્રાય મળ્યા છે જેમાં ખેડૂતો માટે માસિક પેન્શન યોજના શરૂ કરવાના વિકલ્પો પણ સામેલ છે. ભાજપના સંકલ્પપત્રને આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં જારી કરવામાં આવશે. પાર્ટી સંકલ્પપત્રન સાથે સાથે પાંચ વર્ષોમાં કરવામાં આવેલા કામોની પ્રગતિ અંગે રિપોર્ટ કાર્ડ પણ રજૂ કરી શકે છે. પાર્ટી સુત્રોના કેહવા મુજબ

આમા ખેડૂતો ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે. રાષ્ટ્રીય સુરક્ષાના વિષયને મુખ્યરીતે રજૂ કરવામાં આવશે. રાષ્ટ્રીય સુરક્ષાના વિષય ઉપર દેશ કોઈપણ પ્રકારનું હળવું વલણ રાખશે નહીં. ખેડૂતો અને યુવાનોના હિતો સાથે જોડાયેલા વિષયોનો ઉલ્લેખ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## મમતા બેનર્જીની પગ નીચેની જમીન સરકી ગઈ છે : મોદી

**બંગાળ, ત્રિપુરા અને મણિપુરમાં મોદીનો પ્રચાર : મા, માટી અને માનુષની સાથે મમતાએ વિશ્વાસઘાત કર્યો છે : નામદાર ભારતના ટુકડા કરવા ઇચ્છુક લોકોની સાથે**

કુછબિહાર-ઈમ્ફાલ, તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે લોકસભા ચૂંટણીને લઈને આક્રમક ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. મોદીએ આજે પશ્ચિમ બંગાળ, ત્રિપુરા અને મણિપુરમાં ચૂંટણી રેલી કરીને કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષો ઉપર આકરા પ્રહારો કર્યા હતા. સૌથી પહેલા મોદીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના ગઢમાં ઝંઝાવતી પ્રચાર કરીને મમતા ઉપર પ્રહાર કર્યા હતા. મોદીએ કુચબિહારમાં રેલીને સંબોધતા મમતા બેનર્જી સરકારને જોરદારરીતે ઝાટકણી કાઢતા મમતાને સ્પીડબ્રેકર



દીદી તરીકે ગણાવીને પ્રહાર કર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

Meet India's Largest Manufacturer*
in the Wires and Cables Industry.



Now offering a wide range
of Fast Moving Electrical Goods.

- 24 manufacturing facilities of which 4 are for FMEG production
- Diversified into FMEG
- FMEG range includes electric fans, LED lighting and luminaires, switches and switchgears, solar products, water heaters, pumps, conduits and accessories
- Strong brand recognition in the electrical industry

We have approximately 18% market share in the organized wires and cables industry.* We have 2,800 authorised dealers and distributors(1), over 100,000 retail outlets, and over four decades of experience of our promoters.

- Continuous development of innovative products through R&D
- Strong focus on backward integration in manufacturing process
- Exported products to over 40 countries.(2)
- Awarded the gold trophy for five consecutive years (2013 to 2017) by the Quality Circle Forum of India

(1) As at and for the nine-months period ended December 31, 2018.
(2) In fiscal 2018.

POLYCAB
Connection Zindagi Ka
POLYCAB INDIA LIMITED
www.polycab.com

*In terms of segment revenues, with a market share of approx. 18% of the organized wires and cables industry and approx. 12% of the total wires and cables industry in Fiscal 2018. (Source: CRISIL Research)

**POLYCAB INDIA LIMITED** is proposing, subject to, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its equity shares and has registered the Red Herring Prospectus dated March 28, 2019 ("**RHP**") with the RoC. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in and is available on the websites of the GCBRLMs, i.e. Kotak Mahindra Capital Company Limited, Axis Capital Limited, Citigroup Global Markets India Private Limited and Edelweiss Financial Services Limited at www.investmentbank.kotak.com, www.axiscapital.co.in, www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm and www.edelweissfin.com, respectively and the BRLMs, i.e. IIFL Holdings Limited and YES Securities (India) Limited at www.iiflcap.com and www.yesinvest.in. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, please see "*Risk Factors*" beginning on page 22 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision.
The Equity Shares have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "Securities Act"), or the securities laws of any state of the United States and may not be offered or sold in the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act and applicable U.S. state securities laws. The Equity Shares are being offered and sold: (i) outside of the United States only in offshore transactions in reliance on Regulation S under the Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur; and (ii) in the United States only to "qualified institutional buyers" (as defined in Rule 144A ("**Rule 144A**") under the Securities Act), pursuant to the private placement exemption set out in Rule 144A, Section 4(a) of the Securities Act, or another available exemption from the registration requirements of the Securities Act.

Adfactors 004